

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*સંસ્થા નિષ્ઠામાં રહે, ત્યાં ફાટફૂટ થઈ જાય છે,*
*આજ્ઞા પાલન ન થાય, ત્યાં માથાકૂટ થઈ જાય છે,*
*કડાકૂટ થઈ જાય, ત્યાં હાજીહા લઈ જાય બઢતી*
*સરળ સત્યવાદી ને ત્યાં રડાકૂડ થઈ જાય છે*
*(ઉર્જિત પટેલ, વડાપ્રધાનને મળ્યા)*

### હાઈકુ

*નાણા સંસ્થાઓ*
*પટાવે પૂંછ, જાણે -*
*પાલતું શ્વાન...*
*(RBI પર કાબૂ?)*

*થશે પ્રવેશ*
*સંસદે 'પવાર'નો*
*ગુપ્ત રસ્તેથી*
*(શરદ નો પાવર)*

### ચિંતન

**કર્મણા જાયતે જંતુઃ કર્મણૈવ પ્રલીયતે ।**
**કર્મણઃ કર્યમૈવૈષા જન્મમૃત્યુ પરંપરા ॥**

ઉપરોક્ત શ્લોક સર્વ વેદાંત સિદ્ધાંત ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કર્મથી પ્રાણી જન્મે છે અને કર્મથી જ નાશ પામે છે, આ જન્મ અને મૃત્યુની પરંપરા કર્મનું જ કાર્ય છે.

જન્મ-મરણ એ વિષચક્ર છે પૈડાંના આરાની જેમ સુખ-દુખ, ચડતી-પડતી બધુ જ પૂર્વજન્મોના કર્મ પ્રમાણે આવ્યા કરે, ભોગવાયા કરે છે જ્યાં સુધી આ યાંત્રિક - વિચારહીન ક્રિયામાંથી 'આત્મા' જાગૃત નહીં થાય ત્યાં સુધી ચોર્યાસી હજાર યોનિની સફર કર્યા કરવી પડશે...

જાગૃત થાવ...

### સુવિચાર

- આત્મા એ કદી નહિ હોલવાતી જયોતનો તણખો છે - **જેમ્સ કૂપર**
- બહેરામાં બહેરો હોય પણ તે આત્મપ્રશંસા સાંભળી શકે છે - **જાપાની કહેવત**
- પુષ્કળ કામ કરવાનું ન હોય તો સાચા આરામનું સુખ મળવું અશક્ય છે - **કે. જેરમી**
- કાર્ય પ્રભુનું કરવા માટે, ઓજાર બનીને રહીએ પ્રભુના હાથનું - **અરવિંદ ઘોષ**
- ઈતિહાસ એવું સિદ્ધ કરે છે કે ઈતિહાસથી ગમે તે સિદ્ધ થઈ શકે છે - **જનકલ્યાણ**
- ઈસ્લામ એટલે અનન્ય શરણભાવ અને પરમ શાન્તિ.
  પરમેશ્વરનું શરણ એટલે જ પરમ શાંતિ - **વિનોબા ભાવે**
- આજનું ઔષધ : મેથીને બાફીને કે ફણગાવીને બેગ્રામ સવાર-સાંજ ખાવાથી પાચનક્રિયા સુધરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક સંગીતકાર એક શેરીમાંથી પસાર થતા હતા ત્યારે એક પંદર વર્ષની છોકરી પોતે જાતે બનાવેલી ધૂન ઉપર પિયાનો વગાડીને પ્રેક્ટિસ કરી રહી હતી. સંગીતકાર બારી પાસે થોભીને સાંભળવા લાગ્યા. છોકરીએ તેના પિતાને કહ્યું, 'મારી આ ધૂનમાં હજી કચાશ રહી જાય છે કોઈ સંગીતકાર તેને મઠારી આપે તો કેવું સારું થાત ?' પિતાએ કહ્યું, 'બેટા, આપણે ગરીબ છીએ આપણે ત્યાં કોણ સંગીત શિખવાડવા આવે ? તારે જાતે જ મહેનત કરવી પડશે, હું તને મારાથી બનતું શિખવાડીશ.' સંગીતકારે આ પિતા પુત્રીનો સંવાદ સાંભળ્યો તેઓ તેમેન મળવા ઘરમાં ગયા. જોયું તો દીકરી અંધ હતી. સંગીતકારે એના પિતાની પરવાનગી લેવા કહ્યું, 'આ ધૂન હું શીખવું, જો આપની પરવાનગી હોય તો.' પિતાએ હકારાત્મક જવાબ આપ્યો. પછી સંગીતકારે સતત બે કલાક આ અંધ દીકરીને પેલી અધૂરી, ભૂલોવાળી ધૂનને વ્યવસ્થિત કરી આપી. અંધ દીકરી ખુશ થઈને બોલી. 'આપના હાથમાં તો જાદુ છે. મારી ધૂન ને તમે મઠારીને ઉત્તમ ધૂન બનાવી આપી. આપનું નામ જણાવશો.' સંગીતકારે કહ્યું, 'મારું નામ બિથોવન છે' બિથોવનની સાદગી અને શીખવાડવાની ધગશ જોઈ પિતા-પુત્રીતો અવાચક્ થઈ ગયા. એ દિવસે પૂજન હતી અને એ પુત્રીનું નામ સોનિયા હતું આથી બિથોવને એ ધૂનનું નામ 'મુનલાઈટ સોનાટા' આપ્યું. આજે પણ આ ધૂન વિશ્વપ્રસિદ્ધ છે. એક અંધકન્યાની સંગીત શીખવાની તીવ્ર ઈચ્છાએ મહાન સંગીત ધૂનનું સર્જન કર્યું હતું.

# સિંહને સિંહની રીતે જીવવા દો

**તંત્રીસ્થાનેથી...**

સાસણ ગીર પ્રવાસન ધામ તરીકે ગુજરાત માટે નવલું નજરાણું બની રહેલ છે. દિવાળીના દિવસોમાં સિંહદર્શન માટે જે રીતે કીડિયારું ઊભરાયું તે જોતાં આપણા જંગલખાતાના અધિકારીઓ જરૂર છાતી ફુલાવીને ફરતા હશે. એમને જે વિશિષ્ટ પ્રજાતિના રખોપાની જવાબદારી સોંપાયેલ છે તે ફરજ એમને બરાબર ઈમાનદારીપૂર્વક બજાવી ગણાય. જો કે છેલ્લા મહિનાઓ દરમિયાન ઈન્ફેકશનને કારણે એક સાથે ત્રેવીસ જેટલા સિંહોના મૃત્યુના સમાચાર પણ આવ્યા હતા તે સરકાર સહિત તમામ ગુજરાતીઓ માટે ચિંતાનો વિષય છે. એથીયે વધુ ચિંતાજનક બાબત સિંહદર્શનનું ગેરકાયદેસર વ્યાપારીકરણ છે. સાસણ સહિના સિંહોના નિવાસસ્થાનમાં ફરજ ભજવતા રખેવાળો કે જેઓ સરકારી તિજોરીમાંથી પગાર લે છે એ બહારનાં અનિષ્ઠ તત્ત્વો સાથે હળીમળીને રીતસરનો વેપલો માંડી બેઠા છે. તેઓ આ જંગલના રાજાને પરેશાન કરીને સહેલાણીઓ પાસેથી અઢળક કમાણી કરે છે. વચ્ચે થોડા વખત અગાઉ સિંહ પાછળ વાહન દોડાવી એને પજવવાનો વીડિયો વાઈરલ થયો હતો. એ જ રીતે સિંહણને જીવતી મરઘી બતાવી લલચાવતો વીડિયો પણ આવેલો. નાનાં-મોટાં પશુઓને મારણ તરીકે બાંધી સિંહને આકર્ષવાના અને એને ભરખ કરતો જોવાનાં દશ્યો પણ કેમેરામાં કંડારાતાં રહ્યાં છે. માનવીની કુતૂહલવૃત્તિ પોષી એની પાસેથી મોં માગી રકમ વસૂલવાની આ રીતરસમથી વન્ય પ્રાણીના અંગત અને પ્રાકૃતિક જીવન સાથે જ ચેડાં થતાં રહે છે. આ એક પ્રકારનો અમાનુષી ત્રાસ છે, જે સંરક્ષિત પ્રજાતિ તરીકે અને સમગ્ર એશિયાના ગૌરવ તરીકે સચવાયેલ ગીરના સિંહોને વેઠવો પડે છે. એમના સંવનનકાળ દરમિયાન અધિકૃત રીતે સિંહદર્શન બંધ રખાતું હોવા છતાં આવા ગેરકાયદેસર કારસા ચાલતા જ રહે છે. આથી કુદરતી વાતાવરણમાં સ્વસ્થતાપૂર્વક જીવવા માગતા સિંહ પરિવારો ઘણી વાર જંગલ વિસ્તાર છોડી નેસ કે વાડીઓમાં ધામા નાખે છે અને પાળેલાં પ્રાણીઓ કે કયારેક માણસો પર પણ હુમલો કરી બેસે છે. પર્યાવરણવાદીઓ આ મુદ્દે વારંવાર ચેતવણી આપતા રહેતા હોવા છતાં આપણી આંખો ઊઘડતી નથી. સિંહને માનવીની અને સવિશેષ વાહનોની અવરજવરથી ઘણી પજવણી થતી રહે છે, જેને કારણે એ પોતાના કુદરતી નિવાસને છોડી માનવવસતિ વચ્ચે આવી જાય છે. એવું જ આગરામાં વાંદરાઓનું બન્યું છે. વૃક્ષોનું નિકંદન નીકળી જતાં વાંદરા મકાનો પર જ અડિંગો લગાવીને પડ્યાં રહે છે. એક વાંદરાએ સ્તનપાન કરતા શિશુને માતાના ખોળામાંથી ખૂંચવીને ચૂંથી નાખ્યું એ સમાચાર કેટલા હૃદયદ્રાવક છે !

# કબ કૌન કૈસે ઉઠેગા... યે કોઈ નહીં બતા સકતા



**ડાયલોગથી દેવભાષા**

**ડો. જય ઓઝા**

**કબ કૌન કૈસે ઉઠેગા... યે કોઈ નહીં બતા સકતા**

**- આનંદ**

ઋષિકેષ મુખર્જી દ્વારા દિગ્દર્શિત ૧૯૭૧માં આવેલી 'આનંદ' થી કોણ અજાણ હોઈ શકે ? રાજેશ ખન્નાનો લાજવાબ અભિનય અને ગુલઝારના સંવાદ અને ગીત આ ફિલ્મનો પ્રાણ હતા. ભારતીય સિનેમાની માઈલસ્ટોન ગણાતી આ ફિલ્મમાં રાજેશ ખન્ના ઉપરોક્ત સંવાદ બોલે છે, અમિતાભને જીવનનું રહસ્ય સમજાવે છે કે કાળની ગતિ ન્યારી છે. કયારે કોણ કેવી રીતે કાળનો કોળિયો થઈ જશે તે વિધીએ પોતાની પાસે રાખેલી દોરી છે.

રાજેશ ખન્નાના જીવનની ફિલસૂફી દર્શાવતા દરેક ડાયલોગ દર્શકોની તાળીઓથી વધાવી લેવામાં આવ્યા હતા. જીવનની સાચી મૂડી એ છે કે મનુષ્ય મૃત્યુ માટે હરપળ તૈયાર રહે.

જો કે 'આનંદ'ના સંવાદો ભલે ૧૯૭૧માં લખાયા હોય, પરંતુ જીવન અને મૃત્યુનું તત્ત્વદર્શન આપણા સંસ્કૃત ગ્રંથોમાં તો વર્ષોથી દર્શાવેલું પડ્યું છે, આપણી નજર ત્યાં નથી પહોંચી.

**ન શ્વઃ શ્વઃ ઉપાસીત કો હિ મનુષ્યસ્ય શ્વો ભેદ ।**
**નહિ સ્વયમાયુશ્ચિકિતે જનેષુ ॥**

**- શતપથ બ્રાહ્મણ**

- કાલ ઉપર કોઈ કામ ન છોડવું, મનુષ્યની કાલને કોણ જાણે છે ? મનુષ્યોમાં કોઈ પોતાનું આયુષ્ય જાણતો નથી.

જોયુ ને ! બિલકુલ 'આનંદ' ના બાબુમોશાય ! નો સંવાદ જ બોલતો હોય તેમ લાગે છે ને !

આ જ ખૂબી છે સંસ્કૃત સાહિત્યની, કે સદીઓ વીતી ગઈ હોવા છતાં પણ તેમાં કહેલી વાતો આજે પણ આવનારા વર્ષોમાં પણ આટલી જ પ્રસ્તુત રહેવાની છે.

શતપથ બ્રાહ્મણ શુક્લ અજુર્વેદનો બ્રાહ્મણ ગ્રંથ છે. બ્રાહ્મણ ગ્રંથોમાં આ ગ્રંથને સર્વાધિક પ્રામાણિક માનવામાં આવે છે.

સૌપ્રથમ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં માધ્યન્દીની શાખાને જુલિયસ એંગલિંગ દ્વારા ૫ ભાગમાં પ્રકાશિત કરવામાં આવી, જેનું નામ 'સેકરેડ બુક્સ ઓફ ઈસ્ટ' હતું.

- jayuoza@gmail.com, Mo. 9898046488

# રવિવારે 'વાર્તા-વાંચન, કાવ્યપઠન'



**સાહિત્ય વૃત્ત**

**મૂળજીભાઈ પરમાર 'દધિ'**

સાહિત્ય વૃત્ત
વૃત્તસંચય

● ગરવી ગુર્જરધરાના પનોતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન, પ્રચાર-પ્રસાર અને માતૃભાષાને મધમધતી, મહેંકતી અને હરદમ ધબકતી રાખતા, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમો અન્વયે, તા. ૧૧-૧૧-૨૦૧૮ના રોજ, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે 'સર્જક સાથે એક સાંજ' અંતર્ગત; વિવેચક, સંપાદક, નવલકથાકાર, વાર્તાકાર અને કવિ હર્ષદ ત્રિવેદીનો સાહિત્યિક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમની શરુઆતમાં મિત્તલબેન પંડ્યા દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી. જયારે શાબ્દિક સ્વાગત, પ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી' દ્વારા કરવામાં આવ્યું. સર્જક હર્ષદ ત્રિવેદી દ્વારા તેઓ દ્વારા રચવામાં આવેલ, ગીત, ગઝલ, અછાંદસ, કવિતાઓ, કટાક્ષ-વ્યંગ કાવ્યોનું સ્વમુખે પઠન કરી, સર્વેને મંત્રમુગ્ધ કરવામાં આવ્યા.

કાર્યક્રમના અંતે મંત્રી ભીખુ કવિ દ્વારા આભારવિધી કરવામાં આવી. આ કાર્યક્રમમાં સાહિત્યરસિકો, સભ્યો ઉપરાંત પૂર્વપ્રમુખો હરિકૃષ્ણ પાઠક અને ભરત કવિ ઉપરાંત કવિ જીતેન્દ્ર વ્યાસ અને કવયિત્રી જિગિશા રાજ (અમદાવાદ) ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા કાર્યક્રમ 'વાર્તા-વાંચન, કાવ્યપઠન અને તે અન્વયે વિવેચન અને વિચાર-વિમર્શ' અંતર્ગત, તા. ૧૮-૧૧-૨૦૧૮ને રવિવારના રોજ બપોરના ૧.૦૦ વાગે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિખંડ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાનાર કાર્યક્રમમાં કવિ નગીનચંદ્ર ડોડિયા (પાટણ) સ્વરચિત કાવ્યોનું પઠન કરશે, જયારે જાણીતા સાહિત્યકાર દલપત ચૌહાણ (ગાંધીનગર) અને સાહિત્યકાર પ્રીતેશ અમીન (અમદાવાદ), સ્વલિખિત વાર્તાઓનું વાંચન કરશે અને આ અંગે પીઢ કવિઓ, લેખકો, વિચાર-વિમર્શ અને સમીક્ષા-વિવેચન કરશે. સાહિત્યપ્રેમીઓને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

- muljibhaidahdhi@gmail.com

# ઠાકુર કેસરીસિંહજી : કવિ, ક્રાંતિવીર, ઉચ્ચ કોટીના વિદ્વાન, શિક્ષણશાસ્ત્રી તેમજ સમાજ સુધારક



**ક્ષણના ચણીબોર**

**વી. એસ. ગઢવી**

દેશની મુક્તિ મેળવવા માટેના અવિરત સંઘર્ષમાં ક્રાંતિકારીઓની એક મહત્વની ભૂમિકા રહી છે. જે માર્ગે મહાત્મા ગાંધી ચાલ્યા તે કરતા ક્રાંતિવીરીનો માર્ગ તથા વિચાર અલગ હતા. પરંતુ શૌર્ય, નિષ્ઠા તથા આકરા બલિદાનની દ્રષ્ટિએ જૂઓ તો બન્ને માર્ગના મહારથીઓએ આકરામાં આકરા બલિદાનો આપીને માતૃભૂમિના બંધન દૂર કરવાના પ્રયાસો કર્યા હતા. શ્યામજી કૃષ્ણવર્મા કે વીર સાવરકર જેવા લોકોએ વિદેશની ધરતી પર પગદંડો જમાવીને બ્રિટીશ સત્તાધિશોને પડકાર્યા હતા. આ માટેની ભારે કિમ્મત પણ તેઓએ ચૂકવી હતી. ક્રાંતિકારીઓની આ ઉજ્વળ યશોગાથામાં ચારણ કવિ તથા ક્રાંતિકારી ઠાકુર કેસરીસિંહજીનું નામ ઝળહળે છે. દેશના મુક્તિ સંગ્રામમાં પોતાના યુવાન પ્રિય પુત્ર તેમજ જમાઈને પણ હોમી દેનાર ઠાકુરસાહેબ અનેક ક્રાંતિકારીઓ માટે પણ આદર્શ સમાન હતા. તમામ સંપત્તિ તથા પ્રિયજનોનું બલિદાન હસતા મુખે મુખે આપનાર આ કવિ ઠાકુરની પુણ્ય સ્મૃતિ અનેક પ્રસંગોએ સતત થયા કરે છે. આવા કપરા માર્ગે ચાલનારા આ વીરોની ભાવના મરમી મેઘાણીના શબ્દોમાં સુંદર રીતે વ્યક્ત કરવામાં આવી છે :

બીરાદર નૌજવા ! અમ
રાહથી જો દૂર રહેજે,
અમોને માર્ગ ભૂલેલા
ભલે તું માની લેજે,
કદી હમદીલી જો આવે
ભલે નાદાન કહેજે,
બીચારા કઈશમાં લાખો
ભલે ધિક્કાર દેજે.

રાજસ્થાનના આ સુપ્રસિધ્ધ ક્રાંતિકારી કવિ કેસરીસિંહજી બારહઠ્ઠ (૧૮૭૨-૧૯૪૧) મા જગદંબાને પ્રાર્થના કરતા લખે છે :

સંતાન સચ્ચે અભય હો
તેરેહી તારન તરની હમ
સામર્થ્યદે મા કર સકેં
યહ સિધ્ધ ચારન બરન હમ
બહોત સોયે ગાઢ નિંદ્રા
ચાહતે જાગરન હમ
સ્વાતંત્ર્યકી તુ મહાસાગર
તેરે હી હૈ નિરઝરન હમ
જય જય ભવાની અંબીકે
કરની તીહારી શરન હમ.

સ્વાતંત્ર્ય સંગ્રામની વેદી પર અનેક વીરોના ઉજવળ બલિદાનો દેવામાં આવ્યા તેમાં રાજસ્થાનના કવિ કેશરીસિંહજીનું ચરિત્ર અગ્રસ્થાને ઝળહળે છે. આ વીર કુટુંબની ગાથા સિવાય રાજસ્થાનના સ્વાતંત્ર્ય સંગ્રામનો પૂર્ણ ઈતિહાસ આલેખી શકાય તેમ નથી. કેશરીસિંહજી ઉચ્ચ કોટીના વિદ્વાન, શિક્ષણશાસ્ત્રી તેમજ સમાજ સુધારક હતા. તેમની બહુમુખી પ્રતિભા હતી. દેશના અગ્રણી ક્રાંતિકારીઓ જેવા કે શામજી કૃષ્ણવર્મા, રાસબીહારી બોઝ, લાલા હરદયાલ વગેરે સાથે તેમનો જીવંત સંપર્ક હતો. કવિરાજના પિતા કૃષ્ણસિંહ બારહઠ્ઠ મહર્ષિ દયાનંદના પટ્ટશીષ્ય છે. સ્વાધીનતા અને બલિદાનના કઠીન સંસ્કાર પિતા તરફથી કેસરીસિંહજીને મળેલા છે. કેશરીસિંહજીની શિક્ષા પર વિશેષ ધ્યાન પિતા તથા તેમના મામાએ આપેલું છે. ઠાકુર કેસરીસિંહજી સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, પાલી, બંગાળી, હિન્દી, મરાઠી તથા ગુજરાતી ભાષાઓનું અધ્યયન કરે છે. શાસન તથા વારસામાં મળેલા સંસ્કારોના વિશાળ અનુભવથી સમજણ અને જ્ઞાનના અનેક શિખરો તેમણે સર કરેલા છે. મેવાડ રાજયની રાજકીય સેવામાં ઠાકુર સાહેબે હંમેશા ન્યાય તથા રાજયના ઉજળા ઈતિહાસનું ગૌરવ જળવાઈ રહે તેવા પ્રયાસો કરેલા છે. પંડિત શામજી કૃષ્ણવર્મા જેવા વિચક્ષણ ક્રાંતિકારીની સેવાઓ મેવાડને મળે તે વિચારને વાસ્તવિકતામાં બદલવા પાછળ ઠાકુર સાહેબની દીર્ઘદૃષ્ટિ હતી. પરંતુ આ બધી હરકતોથી તેઓ અંગ્રેજ અધિકારીઓની આંખમાં કણાની જેમ હંમેશા ખટકતા રહેતા હતા.

ગોરા શાસકોની નજર કવિની તમામ ગતિવિધિઓ પર હતી. બ્રિટીશ સરકાર યેનકેન પ્રકારેણ કવિને કાયદાની ચૂંગાલમાં ફસાવી ગુનેગાર ઠેરવવા કાર્યવાહી કરે છે. ૩૧ માર્ચ ૧૯૧૪ના દિવસે બ્રિટીશ સરકાર અનેક પ્રકારના આરોપ મૂકીને રાજનૈતિક ષડયંત્ર માટે કવિની ધરપકડ કરે છે. કવિની વારસામાં મળેલી સંપૂર્ણ જાગીર જપ્ત કરવામાં આવે છે. વિશાળ પુસ્તકાલય સાથેની તેમની હવેલી ખાલસા કરવામાં આવે છે. સુખી તથા સમૃધ્ધ કુંટુંબના સભ્યો એકાએક ઉપર આભ અને નીચે ધરતી એવી કફોડી હાલતમાં આવી જાય છે. ઠાકુર કેશરીસિંહના યુવાન કાંતિકારી પુત્ર કુંવર પ્રતાપની ધરપકડ કરીને તેને બરેલી જેલમાં ગોંધી રાખવામાં આવે છે. કુંવર પ્રતાપસિંહ પાસે બંગાળના કેટલાક જાણીતા ક્રાંતિવીરો અંગે માહિતી છે. આ માહિતી કઢાવવા માટે કુંવર પ્રતાપસિંહ પર અમાનુષી યાતના સત્તાધિશો તરફથી ગુજારવામાં આવે છે. પરંતુ આ અસાધારણ દ્રઢ મનોબળ ધરાવતા આ ક્રાંતિવીર પાસેથી કોઇ વિગતો મેળવી શકતા નથી. યુવાન ક્રાંતિકારી કુંવર પ્રતાપ જેલમાં અદમ્ય યાતનાઓ ભોગવીને આ જગતમાંથી કાયમી મુકિત મેળવે છે. અનેક શક્યતાઓથી ભરેલું આ યુવાનનું જીવન અકાળે તથા અન્યાયી રીતે જેલ જીવનના સીતમ સહન કરીનેઅસ્ત પામે છે. પ્રસિધ્ધ ક્રાંતિકારી રાસબીહારી બોઝ લખે છે કે કેશરીસિંહે પોતાનું કહી શકાય તેવું સર્વસ્વ મુકિત સંગ્રામની વેદી પર અર્પણ કર્યુ છે. ઠાકુર સાહેબે પોતાની જાત ઉપરાંત પોતાના લઘુબંધુ, પુત્ર તેમજ જમાઈને મુક્તિ સંગ્રામમાં હોમીને અસાધારણ વીરતા તેમજ દ્રઢતાનું દર્શન કરાવેલું છે. આવા ઉદાહરણો ઈતિહાસમાં જવલ્લે જ જોવા મળે છે. ૦૬ ઓકટોમ્બર-૧૯૧૪ના દિવસે ઠાકુર સાહેબને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી. સરકાર તરફથી દલીલ તો ખૂબ ભારપૂર્વક એવી કરવામાં આવી હતી કે કવિરાજાને મૃત્યુદંડની સજા કરવામાં આવે. પરંતુ તત્કાલીન સુવિખ્યાત બેરિસ્ટર નવાબ હામિદ અલીખાને ઠાકુર સાહેબની નિર્દોષતા સાબિત કરવા માટે જુસ્સાપૂર્વકની તથા તર્કબધ્ધ દલીલો રજૂ કરી. આ રજૂઆતને અવગણીને મૃત્યુદંડનો નિર્ણય કરવો તે અદાલત માટે મુશ્કેલ હતું. કેસની સુનાવણીના અંતે ભરી અદાલતમાં ભાવુક બની બારિસ્ટર ખાન સાહેબે પોતાના અસીલનું ઉજવળ જીવન પ્રકાશિત કરવા અદાલતની અનુમતિથી 'નઝમ' ગાઈને પોતાનો આદરભાવ વ્યક્ત કરે છે. કવિના જન્મદિવસના નવેમ્બર માસમાં તેમની સ્મૃતિને વંદન કરીએ.

વો મુલ્ઝિમ કેસરી
જાનો દિલ સે હૈ દેશકા હામી
વો મુલ્ઝિમ ઉમ્ર જીસકી
દેશ કી ખિદમત મેં ગુઝરી
હૈ

વો મુલ્ઝીમ શાયરે – યકતા
સબાંયે જિસકો કહતી હૈ
બદનમેં હડ્ડીયા જિતની હૈ
સબ તકલીફે સહતી હૈ.

# ગાંધી-સરદારની સહિયારી સમાનતા





**ગાંધી ૧૦૦**

**ડો. રાજેન્દ્ર જાની**

'આપણે ત્યાં મહાત્માઓ બેસુમાર છે.' એવી ગાંધીજીની ટીકા કરનાર બેરિસ્ટર વલ્લભભાઈ પટેલ ગાંધીના સાથી બની ગયા અને આજીવન ગાંધીની સાથે રહ્યા અને ગોડસેની ગોળીએ આપણી વચ્ચેથી છીનવાઈ ગયેલા મહાત્મા ગાંધીની ગેરહાજરીમાં ગાંધીના વિચારોના માત્ર પ્રસરણ જ નહીં પરંતુ સમાજજીવનમાં લોકશાહીના પ્રાણ એવા બંધારણથી એમને કાર્યાન્વિત કર્યા એના આપણે સહુ સાક્ષી છીએ.

એવું પણ નથી કે સરદાર પટેલે ગાંધીને વડીલ તરીકે સ્વીકારીને એમની ધીકતી વકીલાતને બાજુએ મૂક્યા પછી ગાંધીનો પડ્યો બોલ ઝીલ્યો હોય, સરદાર તો સરદાર જ હતા એમણે કયારેય ગાંધીની અંધભક્તિ કરી જ ન હતી. ગાંધીજી સાથે વખતોવખત તેમને મતભેદ પણ થતા હતા. આવા મતભેદ સમયે સરદાર ગાંધી સાથે અબોલા લેતા હતા અને ગાંધીજી જ સરદારને મનાવવા માટેના પ્રયાસો કરતા હતા. બંને વચ્ચેના શાશ્વત લાગણીના સંબંધોના તાર એવા જોડાયેલા હતા કે મતભેદ દૂર થઈ જતા હતા. સરદારને ગાંધી સાથે જયારે અબોલા ચાલતા ત્યારે પણ સરદાર ગાંધીજીની કાળજી રાખતા હતા. સ્પષ્ટ એન તાર્કિક મતભેદો હોય પરંતુ એકબીજા વચ્ચેની સમજણના કારણે ગાંધીજી અને સરદારના સંબંધોની

**સરદાર એક જ એવા હતા ગાંધીજીને સ્પષ્ટ સમજાવી દેતા હતા**

ઉષ્મા અતૂટ રહી હતી. એકવાર ગાંધીજી સામે સરદારને કોઈ મુદ્દે વિરોધ હતો અને ગાંધીજી સાથે એ વાત કરતા ન હતા પરંતુ ગાંધીજી એ સમયે બિમાર પડ્યા હતા એ ખબર પડતા સરદાર દરરોજ ફોન કરીને પ્યારેલાલજી કે મહાદેવભાઈને ફોન કરીને 'ડોસા' ગાંધીની તબિયતની પૃચ્છા કરવાનું ચૂકતા ન હતા. સરદાર પ્રત્યેનો સ્નેહ કયારેય વખાણથી દર્શાવતા ન હતા. પણ તેમને વાત વાતમાં તેઓ સમજાવવામાંથી ચૂકતા ન હતા. જયારે ગાંધીજીને કોઈ બાબતે ઠપકો આપવો હોય તો એમાં પણ તેઓ કયારેય પાછી પાની કરતા ન હતા. આખો દિવસ કામ કર્યા પછી સરદાર વાતમાંથી વાત કાઢીને ગાંધીજીને તેમની કોઈ કાર્યવાહી હોય કે તેમની તબિયતની વાત હોય બેટૂક પરખાવતા જ હતા.

આવો એક પ્રસંગ જોવા જેવો છે. એક દિવસ સાંજે કોઈ મુદ્દાના સંદર્ભે ગાંધીજીએ કહ્યું કે, 'હું મરવા પડ્યો હોઉં ત્યારે પણ મારો સંદેશો આવો જ હશે.' સરદારે તરત જ ગાંધીજીને પરખાવ્યું : 'તમે અમને બધાને અહીં લઈ આવ્યા છો અને છોડીને એકલાં જ ચાલી જવા માગો છો ? - સ્વાતંત્ર્યની લડત હોય કે સ્વાતંત્ર્ય મેળવી લીધા પછી પણ ગાંધી વગરના ભારતની કલ્પના પણ સરદારને સ્વીકાર્ય ના હતી એ એક નાનકડાં જવાબમાંથી વ્યક્ત થાય છે.'

આવો જ એક બીજો પણ પ્રસંગ છે. સરદારે બાપુને કહ્યું 'તમારા હાથનો દુખાવો હવે અંગૂઠાથી કોણી સુધી પહોંચ્યો છે, હવે ખભા સુધી ચડશે. હવે તો કાંતવાનું બંધ કરો. બાપુએ રેંટીયા કાતણ બંધ કરવાની સરદારની સલાહ સામે હસતા હસતા કહ્યું, 'કોઈક દિવસ તો બીજા ખભા પર ચડીને જ જવાનું છે. સરદારે તરત જ કહ્યું : 'બાપુ, ના, ના, જો જો અમને રખડાવીને જશો નહીં. પહેલાં વહાણ બંદરમાં લાવો, પછી જયાં જવું હોય ત્યાં જજો.' અમને રખડાવીને જશો નહીં, ની વાતમાં ગાંધીજીને લોકશાહી સ્વાતંત્ર્ય સાથેની આઝાદીનું વહાણ લાંગરવાનું સુકાન છોડીને કયાંક ન જવાય એવી લાગણી વ્યક્ત કરે છે.

ઉપરનો સંવાદ હજુ પૂરો થતો નથી ગાંધીને ઉદ્દેશીને સરદાર કહે છે તમારે વહાણ બંદરમાં લાવો પછી જ જવાનું છે અને હું સાથે આવીશ. મહાત્મા અને સરદારના સંબંધો કેવા હતા એનું દૃષ્ટાંત આ એક જ વાકયમાં આવી જશે.

મહાદેવ દેસાઈ તેમના પુસ્તક 'મને કેમ વીસરે રે.'માં મહાત્મા ગાંધી અને સરદારની સમાનતાના ગુણો દર્શાવે છે એ જોવા જેવા છે. 'અભયતાનો ગુણ ગાંધીજી અને સરદારમાં સમાનરૂપે વિકસ્યો હતો. તેથી જ બંને ભારે કટોકટીના કાળમાં પણ ખભેખભો મેળવીને ચાલી શકયા હતા અને બંનેના સંયુક્ત પુરુષાર્થ વડે પ્રારંભમાં ગુજરાતની અને છેવટે દેશની ભૂમિમાં માટીમાંથી મરદ પાકી શકયા.'

કટોકટીના વખતે માનસિક સ્થિરતા મેળવવાનો ગુણ પણ સરદાર અને ગાંધીજીમાં સમાન હતો. એક મોટર અકસ્માતમાં ઉછળીને નીચે પડ્યા પછી પણ ગાંધીજી સમય હતો એટલે વચગાળાનો થોડો વખત ગાંધીજી ઘસઘસાટ ઊંઘી શક્યા હતા. તો સરદાર સાહબમાં પણ આવી જ વિશિષ્ટ સમાનતા હતી. એક વખત વિમાનને ફરજિયાત ઉતરાણ કરવું પડ્યું ત્યાર પછી તરત જ તેઓ તેમના મંત્રાલયની ફાઈલો મંગાવીને અરજીઓ તપાસવા માંડ્યા હતા. સરદાર પણ તુમારમાં ના અટવાય એ સરદારની ગાંધી સરખી સમાનતા હતી. આમ બંને વિરલ વિભૂતિઓના આ સમાન ગુણો દેશને ઘણીવાર ગંભીર પરિસ્થિતિમાંથી ઉગાર્યો હતો.

(સંદર્ભ મને કેમ વિસરે રે, મહાદેવભાઈ દેસાઈ)

(લેખક સમાજશાસ્ત્રના સહપ્રાધ્યાપક છે.)